જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૧૧/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૪૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦૧ કેસ કરી, ૧૦૧ વ્યક્તિઓને ઝડપી, ૨૪૪ લીટર દેશી દારૂ, ૩૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૨ ક્વોટર ઇંગ્લીશ દારૂ, ૦૧ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૫,૧૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૫૦/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૬૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૩૫૧/૧૭**

**અમરાઇવાડી :** અંકીત કુલદીપકુમાર શર્મા (રહે,વિશ્રામનગર ગુરૂકુળ રોડ મેમનગર) એ તા.૨૨/૧૧/૧૭ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ઓગષ્ટ/૨૦૧૬ થી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) પ્રણયસીંગ અને (૨) શૈલેશ દયાશંકર તિવારી (બંનેની ઓફિસ:- આલોક શોપીંગ સેંટર રામકૃષ્ણનગર પાસે અમરાઇવાડી) એ ભેગામળી અંકીત ને કંપનીમાં નોકરી આપી, ડાયરેક્ટર બનાવવાની લાલચ આપી વિશ્વાસમાં લઇ, અંકીત પાસેથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૨,૨૫,૦૦૦/- મેળવી લઇ, અંકીતને ડાયરેક્ટર નહી બનાવી તેમજ રૂપિયા પરત નહિ આપી, અંકીત સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.તેજોત ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૩૫૨/૧૭**

**વેજલપુર :** આશીફભાઈ યુનુસભાઈ મલીક (રહે,જાબેદપાર્ક પ્રાચીના સોસાયટી સામે જુહાપુરા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧૧/૧૭ ના કલાક ૮/૩૦ થી તા.૧૮/૧૧/૧૭ ના કલાક ૮/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૩૪,૦૦૦/-, કાંડા ઘડીયાળો અને જુદી-જુદી કંપનીનાં ફોન કુલ કિંમત રૂપિયા ૨૩,૦૦૦/-, રોકડ રૂપીયા ૨૦,૦૦૦/- તેમજ ઘરનો બીજો સામાન મળી કુલ રૂપિયા ૧,૮૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.યુ.ટાપરીયા ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૩૫૩/૧૭**

**સરદારનગર :** રિંકેશભાઇ ઠાકુમલ કલ્યાણી (રહે,શાંતી પ્રકાશ હોસ્પીટલની ગલીમાં કુબેરનગર સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૧/૧૭ રાતનાં ૯/૪૫ વાગ્યાનાં સુમારે શાંતી પ્રકાશ હોસ્પીટલ ના ગેટ આગળ થી પોતાનું એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષે રિંકેશભાઇનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પોસઇ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૩૫૪/૧૭**

**મેઘાણીનગર :** વિનોદભાઇ નારાયણભાઇ પટણી (રહે,નવ દુર્ગા પાર્કના છાપરા, રામેશ્વર બ્રિજ નીચે મેઘાણીનગર) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૧/૧૭ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે મેઘાણીનગર ભાર્ગવ રોડ સાંઇબાબા સોસાયટી પાછળ, વિનાયક કલીનીક નજીક એક ૪૦૭ ગાડી નંબર જી.જે.૦૪.વાય.૩૮૯૬ ના અજાણ્યા ચાલકે પોતાનુ વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી, વિનોદભાઇના ભાઇ નગીનભાઇ નારણભાઇ પટણી (ઉ.વ.૨૮) ને ગાડીની સાઇડનું પડખુ અથડાવી, માથામા તેમજ શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડતાં નગીનભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ઓ.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૩૫૫/૧૭**

**નરોડા :** અંજના ઉર્ફે મેઘા દર્શનકુમાર દરજી (ઉ.વ.૨૨)(રહે,ઉમીયાનગરની ચાલી નાનાચિલોડા નરોડા) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૨/૧૧/૧૭ ના કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઇ દવા પી લેતા, સારવાર અર્થે તેમને ઉમા હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “જી” ડીવીઝન નાઓ ચલાવે છે.

**નિકોલ :** પુજાબેન ડો/ઓ નાથુરામ બુચાલાલશાહુ (ઉ.વ.૨૨)(રહે,રણુજાનગર સોસાયટી ગાયત્રી સ્કુલ પાછળ કેનાલ પાસે વિરાટનગર) એ પોતાની માનસિક બીમારીથી કંટાળી તા.૨૦/૧૧/૧૭ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લેતાં શારદાબેન હોસ્પીટલ માં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન ફરજ પરના ડો.શ્રીએ પુજાબેનને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.કે.દેવમુરારી ચલાવે છે.

**કાગડાપીઠ :** કિંજલબેન વા/ઓ લોમેશભાઈ કરશનભાઈ રાઠોડ (ઉ.વ.૨૦)(રહે,મજુરગામ હાઉસીંગ સોસાયટી મજુરગામ ત્રણ રસ્તા પાસે) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૧/૧૧/૧૭ સાંજના ૬/૧૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગોરધનસિંહ રેવતસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.